દાખલ તારીખ : ૨૮/૧૧/૨૦૨૨
નોંધ્યા તારીખ : ૨૮/૧૧/૨૦૨૨
હુકમ તારીખ : ૨૧/૦૮/૨૦૨૪
સમયગાળો : વર્ષ માસ દિવસ
૦૧ ૦૮ ૨૫
ફોજદારી કેસ નં.૧૦૩૯/૨૦૨૨
આંક :-

## FORM -A

માળીયા(મી)નાં મહે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.સાહેબની કોર્ટમાં,
મુકામ : માળીયા-મીયાણા

(જૈમીન જશવંતકુમાર ગઢવી)
પ્રિન્સીપાલ સિવિલ જજ અને
જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ,માળીયા-મીયાણા
(જીજે ૦૧૩૪૪)
ચુકાદાની તારીખ : ૨૧/૦૮/૨૦૨૪

ક્રિમીનલ કેસ નં.૧૦૩૯/૨૦૨૨

એફ.આઈ.આર.નં.૦૭૧૯/૨૦૨૨

માળીયા મીયાણા પોલીસ સ્ટેશન

| | |
|---|---|
| ફરિયાદી | ધ સ્ટેટ ઓફ ગુજરાત<br>(મહેન્દ્રસિંહ બી ચુડાસમા) |
| ફરિયાદ પક્ષે વકીલશ્રી | એ.પી.પી.શ્રી.એમ.એલ.પંડયા |
| આરોપીઓ | સુલેમાનભાઈ અયુબભાઈ પારેડી<br>રહે.ચીખલી, તા.માળીયા-મીયાણા, જી.મોરબી. |
| આરોપીઓ તરફે વકીલશ્રી | એમ.ડી.વાણીયા. |

## FORM -B

| | |
|---|---|
| બનાવ તારીખ | ૧૫/૦૯/૨૦૨૨ |
| એફ.આઈ.આર.તા. | ૧૫/૦૯/૨૦૨૨ |

| | |
|---|---|
| ચાર્જશીટ દાખલ તા. | ૨૮/૧૧/૨૦૨૨ |
| ચાર્જફ્રેમ કર્યા તા. | ૧૨/૧૨/૨૦૨૨ |
| પુરાવો ચાલુ થયા તા. | ૨૩/૦૧/૨૦૨૪ |
| ચુકાદો અનામત રાખ્યા તા. | ૨૧/૦૮/૨૦૨૪ |
| ચુકાદા તારીખ | ૨૧/૦૮/૨૦૨૪ |
| સજા કરી હોય તો સજા તારીખ | -- |

| આરોપી નં. | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો | તકસીર વાર /નિર્દોષ | સજા | સી. આર. પી. સી. ની કલમ : ૪૨૮ માટે કસ્ટડી માં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **સુલેમાનભાઈ અયુબભાઈ પારેડી,** | ૧૫/૦૯/૨૨ | ૧૬/૦૯/૨૨ | પ્રોહી એકટની કલમ : ૬૫ બી,સી,ડી,એફ, ૬૫એએ મુજબ | નિર્દોષ | -- | -- |

**FORM-C**

**ફરિયાદ પક્ષે / બચાવ પક્ષે / કોર્ટ તરફે સાહેદ લીસ્ટ**

**એ./ફરિયાદ પક્ષે સાહેદ લીસ્ટ**

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| પી.ડબલ્યુ.૧ /આંક :૦૮ | મહેન્દ્રસિંહ ભુપતસિંહ ચુડાસમા | ફરીયાદી |
| પી.ડબલ્યુ.૨ /આંક :૧૩ | હૈદરભાઈ સલેમાનભાઈ જામ | પંચ |
| પી.ડબલ્યુ.૩ /આંક :૧૫ | જખરા નુરમામદ ભટ્ટી | પંચ |

**બી./બચાવ પક્ષે સાહેદ લીસ્ટ**

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| -- | -- | -- |

**સી./ કોર્ટ પક્ષે સાહેદ લીસ્ટ**

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| -- | -- | -- |

**ફરિયાદ પક્ષે / બચાવ પક્ષે / કોર્ટ પક્ષે આંક :**

**એ./ ફરિયાદ પક્ષે આંક :**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૪ | પંચનામું |
| ૨. | ૦૯ | ફરીયાદ |

**બી./ બચાવ પક્ષે આંક :**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| -- | -- | -- |

**સી./ કોર્ટ પક્ષે આંક :**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| -- | -- | -- |

**કબજે કરેલ મુદ્દામાલ :**

| અ.નં. | આર્ટીકલ નંબર | વિગત |
|---|---|---|
| ૧ | ૧ | દારૂ બનાવવાનો ગરમ આથો લીટર-૫૦ |
| ૨ | ૨ | દેશી દારૂ ઠંડો આથો લીટર-૬૦૦ |
| ૩ | ૩ | દેશી દારૂ લીટર-૧૦ |
| ૪ | ૪ | દારૂ બનાવવાના સાધનો |

તારીખ : ૨૧/૦૮/૨૦૨૪
માળીયા-મીચાણા

(જૈમીન જશવંતકુમાર ગઢવી)
પ્રિન્સીપાલ સિવિલ જજ અને
જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ,માળીયા(મી)
(જીજે ૦૧૩૪૪)

**- : ચુકાદો : -**

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૫ /૦૯/૨૦૨૨ ના ક.૧૦:૧૫ વાગ્યે મોજે ચીખલી ગામ પાછળ ખરાબામાં બાવળની કાંટ

માં પ્રોહી.પ્રતિબંધક એરીયામાં ગેરકાયદેસર રીતે પાસ પરમીટ કે આધાર વગર દેશી પીવાનો દારૂ બનાવવાનો આથો ગાળી ભઠ્ઠી ચલાવી દેશી દારૂ બનાવતા રેઈડ દરમ્યાન ગરમ આથો લીટર ૫૦ કિં.રૂા.૧૦૦/– તથા ઠંડો આથો ૬૦૦ લીટર કિં.રૂા.૧૨૦૦/– તેમજ દેશી દારૂના કેરબામા રહેલ દારૂ લીટર ૧૦ કિં.રૂા.૨૦૦/– તથા ભઠ્ઠીના સાધનો એલ્યુમીનીયમનું બકડીયું કિં.રૂા.૪૦/–મળી કુલ રૂા.૧૫૪૦/– ના મુદ્દામાલ સાથે તપાસ કરતા આરોપી મળી આવતા પ્રોહી.એકટની કલમ–૬૫ બી,સી,ડી,એફ,૬૫એએ મુજબનો ગુન્હો કરેલ છે, જે બાબતની ફરીયાદ ફરિયાદીએ તા.૧૫/૦૯/૨૨ ના રોજ માળીયા મીયાણા પોલીસ સ્ટેશનમાં થર્ડ ગુના રજી.નં.૦૭૧૯/૨૨ થી જાહેર કરેલ છે. ત્યારબાદ તપાસના અંતે તપાસ કરનાર અધિકારીએ આંક–૧ મુજબનું ચાર્જશીટ નામદાર કોર્ટમાં કરેલ છે.

(૨) આ કામના આરોપી સામે આંક : ૪ થી તહોમતનામું ફરમાવેલ છે. તેમજ આંક : ૫ થી આરોપીની પ્લી નોંધતા આરોપી દ્વારા ગુનો કર્યાનો ઈન્કાર કરવામાં આવેલ છે. જેથી ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) **ત્યારબાદ ફરીયાદ પક્ષે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે, ફરિયાદપક્ષે જે તમામ વિગત ફોર્મ–સીમાં જણાવેલ છે. બચાવપક્ષે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ નથી.**

ફરિયાદપક્ષે પોતાનો પુરાવો પૂર્ણ થયાનું જાહેર કરેલ છે. ત્યારબાદ સદર કામે આરોપીઓના ક્રિ.પ્રો.કોડની કલમ : ૩૧૩ મુજબ વધારાનું નિવેદન નોંધવા લાયક પુરાવો રેકર્ડ પર આવેલ હોવાથી આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવતા જેમા આરોપીએ પોતાના વિરૂધ્ધના આક્ષેપોનો ઈન્કાર કરી પોતે કોઈ ગુનો કરેલ ન હોય અને પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે.ત્યારબાદ બંને પક્ષો તરફે વિ.વ.શ્રીઓની વિગતવાર મૌખીક દલીલો સાંભળી.

**– : દલીલો : –**

(૪) આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી. શ્રી દવારા તેઓની દલીલોમાં જણાવેલ છે કે આ કામે પોલીસ દવારા રજુ કરાયેલ તપાસ અને અંતે કરાયેલ ર્ચાજશીટ અને ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન ફરીયાદપક્ષ દવારા રજુ રખાયેલ પુરાવાના આધારે આ કામના આરોપીને મહતમ સજા કરવા અરજ છે.

(૫) બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રી દવારા તેઓની દલીલોમાં જણાવેલ છે કે આ કામે ફરીયાદપક્ષના એકમાત્ર સ્વતંત્ર કહી શકાય તેવા પંચ સાહેદોએ પંચનામાની કોઈ હકીકતોનુ સર્મથન કહેલ નથી અને આવા સંજોગોમાં ફરીયાદપક્ષના કેસને તેઓની જુબાની અને પંચનામુ ઉપયોગી નીવડતુ નથી. આ કામે અન્ય કોઈ સ્વંતત્ર સાહેદો નથી. આવા સંજોગોમાં આરોપી સામેનો ગુનો પુરવાર થતો ના હોય આરોપીને નીર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૬) આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**મુદ્દા નં.૧)** શું ફરિયાદપક્ષ નિ:શકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા. ૧૫/૦૯/૨૦૨૨ ના ક.૧૦:૧૫ વાગ્યે મોજે ચીખલી ગામ પાછળ ખરાબામાં બાવળની કાંટ માં પ્રોહી.પ્રતિબંધક એરીયામાં ગેરકાયદેસર રીતે પાસ પરમીટ કે આધાર વગર દેશી પીવાનો દારૂ બનાવવાનો આથો ગાળી ભઠ્ઠી ચલાવી દેશી દારૂ બનાવતા રેઈડ દરમ્યાન ગરમ આથો લીટર ૫૦ કિં.રૂા.૧૦૦/– તથા ઠંડો આથો ૬૦૦ લીટર કિં.રૂા.૧૨૦૦/– તેમજ દેશી દારૂના કેરબામા રહેલ દારૂ લીટર ૧૦ કિં.રૂા.૨૦૦/– તથા ભઠ્ઠીના સાધનો એલ્યુમીનીયમનું બકડીયું કિ.રૂા.૪૦/–મળી કુલ રૂા.૧૫૪૦/– ના મુદ્દામાલ સાથે તપાસ કરતા આરોપી મળી આવી પ્રોહી. એકટની કલમ–૬૫ બી,સી,ડી,એફ,૬૫એએ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**મુદ્દા નં.૨)** શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારાં નિર્ણય નીચે મુજબના છે.

મુદ્દા નં.૧) નકારાત્મક.

મુદ્દા નં.૨) આખરી હુકમ મુજબ.

**– : નિર્ણય માટેના કારણો :–**

**મુદ્દા નં.૧ અને ૨.**

(૮) ફરીયાદપક્ષ તરફે આંક : ૧૩ અને ૧૫ થી પ્રોહી.રેઈડના પંચ સાહેદોને તપાસવામાં આવેલ છે. સદરહુ પંચ સાહેદોએ તેમની સરતપાસમાં તૈયાર પંચનામામાં સહી અંગુઠા કરેલ હોવાનું અને તે સીવાય બીજુ કાંઈ નહી જાણતા હોવાની હકીકત જણાવે છે. પોલીસ સાથે રેઈડવાળી જગ્યાએ જઈને પંચનામુ કરેલ હોવાની હકીકતનો સ્પષ્ટપણે ઈન્કાર કરે છે. સદરહુ પંચ સાહેદોના પુરાવાથી ફરિયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત ખૂલવા પામતી નથી. સદરહુ પંચસાહેદોના પુરાવાથી પંચનામાની હકીકત નિ:શંકપણે સાબિત થયેલ માની શકાય નહીં. આમ,પોલીસની કાર્યવાહીને પંચની જુબાનીથી સમર્થન પ્રાપ્ત થતું નથી. આમ,ફરિયાદપક્ષ ગુનાવાળી જગ્યાનું પંચનામું પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૯) ફરીયાદપક્ષ તરફે આંક–૦૮ થી ફરીયાદી મહેન્દ્રસિંહ ભુપતસિંહ ચુડાસમા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં એવું જણાવેલ છે કે, ગઈ તારીખ ૧૫/૦૯/૨૦૨૨ના રોજ અમો તથા અન્ય પોલીસ સ્ટાફનાઓ પો.હેડ.કો. કે.વી.ચાવડા સાથે માળીયા પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ક.૧૦/૧૫ વાગ્યે માળીયાના ચીખલી ગામ પાછળ આવેલ ખરાબામાં પહોંચતા એક બાવળની ઝાડીમાં એક ઇસમ ઉભેલ હોઇ જે શંકાસ્પદ જણાતો હોઇ અને તેની પાસે જઇ જોતા દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ચાલુમાં હોઇ અને તુરત જ સાથેના પો.હેડ.કો. એ નજીકમાથી બે રાહદારી પંચોને બોલાવી પંચો રૂબરૂ મજકુરનું નામઠામ પુછતા પોતાનું નામ સુલેમાન અયુબ પારેડી રહે.ચીખલી વાળો હોવાનું જણાવેલ. લાકડાના બળતણ વડે પથ્થપરના ચુલા પર ચાલુ હાલતમાં પતરાના બરલ ચડાવી એલ્યુમિનિયમનું બકડીયુ ઢાંકેલ હોય ચુલા પર ભઠ્ઠી ચાલુ હાલતમાં હોઇ અને તેમાંથી એક પાઈપ વાટે પ્લા. ના કેનમા પ્રવાહી ટપકતુ હોય જેથી ચુલો ઠારી બકડીયામાં રહેલ પ્રવાહી જોતા દેશી દારૂ બનાવવાના

આથાની વાસ આવતી હોય આશરે ૨૦૦ મી.લી. પ્રવાહી તપાસ અર્થે લઇ પંચો ની સહી વાળી કાપલી લગાડી પી.એસ.આઇ. માળીયા મી.નુ સીલ લગાવી કિ.રૂ.૦૦ ગણી કબ્જે કરેલ. તેમજ બકડીયુ નંગ-૧ કિ.રૂ.૪૦ તથા પાતળી નળી જેની કિ.રૂ.૦૦ ગણી તથા ગરમ આથો લીટર ૫૦ કિ.રૂ.૧૦૦ ગણી બેરલ તથા આથાનો સ્થળ પર ઢોળી નાશ કરેલ તેમજ ગરમ આથાના ડબ્બા નીચે પ્લા. ના સફેદ કેન નંગ-૧ જેમાં દેશી દારૂ ની વાસ આવતી હોઇ જેમાંથી ૨૦૦ એમ.એલ. પ્રવાહી તપાસ અર્થે લઇ પંચો ની સહી વાળી કાપલી લગાડી પી.એસ.આઇ. માળીયા મી.નુ સીલ લગાવી કિ.રૂ.૦૦ ગણી કબ્જે કરેલ તથા દેશી દારૂ લીટર ૧૦ કિ.રૂ.૨૦૦/- તથા બેરલ નંગ-૩ જેમાં દેશી દારૂ બનાવવાના ઠંડા આથાની વાસ આવતી હોઇ જેમાંથી ૨૦૦ એમ.એલ. પ્રવાહી તપાસ અર્થે લઇ પંચો ની સહી વાળી કાપલી લગાડી પી.એસ.આઇ. માળીયા મી.નુ સીલ લગાવી કિ.રૂ.૦૦ ગણી કબ્જે કરેલ. તથા બેરલ નંગ-૩ મા આથો લીટર ૬૦૦ કિ.રૂ. ૧૨૦૦ ગણી તથા બેરલની કિ.રૂ.૦૦ ગણી પંચનામાની હકીકતે કબ્જે કરેલ અને બેરલ અને આથાનો નાશ કરેલ.જે મુજબનું પંચનામુ ક.૧૦/૧૫ થી ૧૧/૦૦ વાગ્યે પુરૂ કરેલ. આમ, મજકુર ઇસમ પોતાના કબ્જામાં ઉપર મુજબના મુદ્દામાલ કુલ કિ.રૂ.૧૫૪૦/- સાથે મળી આવેલ હોઇ પ્રોહી. એક્ટ કલમ-૬૫ બી, સી, ડી, ઇ, એફ તથા ૬૫ એએ મુજબનો ગુનો કરેલ હોઇ અમોએ આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ આપેલ. મને આજરોજ ફરીયાદ બતાવવામાં આવે છે જેમા મારી સહી છે જે હુ ઓળખુ છુ જેને રજુ દાખલ આંક-૦૯ આપવામાં આવે છે. આરોપીને ઓળખુ છુ આજરોજ કોર્ટમાં હાજર નથી. બચાવપક્ષે આરોપીની ઓળખ અંગેની તકરાર જતી કરેલ છે.

ત્યારબાદ આરોપીપક્ષે સદર ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ જેમાં ફરીયાદીએ એવું જણાવેલ છે કે, એ વાત ખરી છે કે ફરીયાદમાં પંચોના નામ જણાવેલા નથી. એ વાત ખરી છે કે ઉપરી અધિકારીની સુચનાથી અમુક સમયે પ્રોહી. ડ્રાઇવ કરવાની આવતી હોય છે. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે અને કોઇપણ માણસ સહેલાઇ થી આવી જઇ શકે છે.

(૧૦) ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાઓનું મુલ્યાંકન કરતા ફરીયાદપક્ષના કેસ અનુસાર જે પંચ સાહેદોની હાજરીમાં મુદ્દામાલ કબજે કરેલ હોવાનું કથન થયેલ છે તે પંચ સાહેદોએ ઉપરોકત ચર્ચા કરી તે મુજબ રજુ પંચનામાની વિગતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. **નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા જીવાભાઈ ટી. વસાવા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના**

ચુકાદામાં ઠરાવેલ સિંધ્ધાંત મુજબ જયારે પંચ સાહેદો પંચનામાની હકીકતોને સમર્થન આપે નહી ત્યારે પંચનામાની વિગતો અનુસાર ગુન્હો બનેલ હોવાનુ શંકાસ્પદ બની જાય છે. આ કામે સ્વતંત્ર કહી શકાય તેવા સાહેદો માત્ર પંચ સોહેદો જ છે અને જયારે તેઓ ધ્વારા જ આ કામના ગુનાવાળી જગ્યાના પંચનામાને સર્મથન આપવામાં આવેલ નથી ત્યારે આવા સંજોગોમાં ફરીયાદપક્ષનો કેસ નબળો બની જાય છે. વધુમાં,સદર કામે પકડાયેલ મુદામાલ હોવા બાબતે એફ.એસ.એલ. રીપોર્ટ રજુ કરેલ નથી તેમજ કહેવાતી જગ્યા આરોપીની માલીકીની હોવા બાબતે કોઈ આધાર પુરાવો રજુ કરેલ નથી. આમ,ઉપરોકત ચર્ચા કરી તે તમામ હકીકત ધ્યાને લેતા ફરીયાદ પક્ષ આરોપી સામે આક્ષેપવામાં આવેલ ગુનો શંકા રહિત રીતે પુરવાર કરવામાં સફળ થયેલ નથી. નામદાર સર્વોચ્ચ અદાલતે **સતીષ મહેરા વિ. દીલ્હી એડમીનીસ્ટ્રેશન ૧૯૯૬(૩) ક્રાઈમ્સ સુપ્રિમ કોર્ટના પાન નં.૮૫** ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાતં મુજબ જયારે ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા ઉપરથી અન્ય પુરાવો નોંધવો યોગ્ય અને જરૂરી જણાતો ન હોય તેવા સંજોગોમાં અદાલતનો કિંમતી સમય વેડફાવો જોઈએ નહી.

**(૧૧)** હાલના કામે તપાસવામા આવેલ ફરીયાદીની જુબાનીનું પુરાવાકીય મુલ્યાંકન કરવામાં આવે તો હાલના કામે તપાસવામા આવેલ સદર સાહેદો પોલીસ સાહેદ છે અને તેઓએ પોતાની ફરીયાદને અનુરૂપ પુરાવો આપેલ છે. વધુમાં,આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધવામાં અવેલ નથી. જયારે બનાવવાળું સ્થળ તે જાહેર જગ્યા છે અને સ્વતંત્ર સાહેદો મળી શકતા હોવા છતાં સ્વતંત્ર સાહેદોના નિવેદનો આ કામે નોંધવામાં આવેલ ન હોય ત્યારે પોલીસની ફરીયાદ બાબતે શંકાઓ ઉપસ્થિત થતી હોય અને આ કામે કબ્જે કરેલ મુદ્દામાલનો એફ.એસ.એલ. રીપોર્ટ પર રજુ થયેલ નથી તેમજ પંચ સાહેદોએ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન કરેલ નથી. ત્યારે આ કામના આરોપી કહેવાતો મુદ્દામાલ દેશી દારૂ બનાવવાનો આથો તથા દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી અને દેશી દારૂ સાથે મળી આવેલ હોવાનું અને તે વગર પાસ પરમીટ કે આધાર વગર વેચાણ કરવાના ઈરાદે મળી આવેલ હોવાનું પુરવાર થતું નથી.આમ,હાલના કામે ફરીયાદપક્ષની કેસની હકીકત મુજબ

ફરીયાદપક્ષ ધ્વારા પંચોની હાજરીને આરોપી વગર પાસ પરમીટે દારુ સાથે મળી આવેલ હોય તે હકીકત શંકા ઉપજાવે છે. આમ જયારે પંચ સાહેદો પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય હાલના કામના આરોપી ફરીયાદમાં જણાવેલ જગ્યાએ બિયર સાથે પ્રત્યક્ષ કબજામાં મળી આવેલ હોય તેવુ શંકારહિત પુરવાર થતુ નથી. આમ,ઉપરોકત જણાવ્યા મુજબ પંચ જે સ્વતંત્ર સાહેદ હોઈ જે ફરીયાદપક્ષની હકીકતને સમર્થન આપતા ન હોઈ અને પોલીસની ફરીયાદ જોવામાં આવે તો ઘણી શંકા ઉપસ્થિત થતી હોઈ હાલના કામના આરોપી ફરીયાદમાં જણાવેલ જગ્યાએ પંચોની હાજરીમાં મળી આવેલ હોય તેવું શંકારહિત ફલિત થતુ નથી.

આમ,કેસની હકીકતો,પડેલ પુરાવા, કાયદાની સ્થિતિ તથા પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો હોય છે જે ધ્યાને રાખવા તેમજ આરોપીએ પોતાના બાચાવ પ્રી–પોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના સિધ્ધાંતથી જ બતાવાનું હોય છે. જેથી આ કામે ગુનો પુરવાર કરવા ઉપર જણાવ્યા મુજબ ચુકાદાને ધ્યાને લેતા તથા સમગ્ર પુરાવો તથા રેકર્ડ ધ્યાને લેતા આ કામે આરોપીના પ્રત્યક્ષ કબજામાં કહેવાતો મુદ્દામાલ દેશી દારૂ અને દેશી દારૂ બનાવાનો આથો તથા ભઠ્ઠીના સાધનો મળેલ હોય તે હકીકત શંકા રહીત ફલિત થતી નથી જેથી આરોપીને યોગ્ય શંકાનો લાભ મળવો જોઈએ તેવુ અત્રેની અદાલતનું નમ્ર પણે માનવુ છે. જેથી હાલના કેસના નિર્ણય અર્થે ઉપસ્થિત થયેલ મુદ્દાનો નિર્ણય ''નકારમાં'' ઠરાવી મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

**– : આખરી હુકમ : –**

– આ કામના આરોપી **સુલેમાનભાઈ અયુબભાઈ પારેડી** રહે.ચીખલી, માળીયા મીયાણાનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની જોગવાઈ અન્વયે તેમની સામેના ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ : ૬૫ બી,સી,ડી,એફ,૬૫એએ મુજબના શિક્ષાપાત્ર ગુના માંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

– હાલના કામે કબજે કરેલ મુદ્દામાલ દેશી દારૂ બનાવવાના ભઠ્ઠીના સાધનો તેમજ દેશી દારૂનો આથો અને દેશી દારૂનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

– આરોપીએ સી.આર.પી.સી.કલમ–૪૩૭(ક) મુજબના અપીલ સમય સુધીના જામીન રજુ કરવા.

**હુકમ આજરોજ તા.૨૧ મી, માહે–ઓગષ્ટ, સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તારીખ : ૨૧/૦૮/૨૦૨૪**
**માળીયા–મીયાણા.**

**(જૈમીન જશવંતકુમાર ગઢવી)**
**પ્રિન્સીપાલ સિવિલ જજ અને**
**જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ માળીયા–મીયાણા,**
**(જીજે ૦૧૩૪૪)**

(વી.પી.માવાણી,સ્ટેનોગ્રાફર)